અપીલ અરજી નં.૩૫૬ તા.૨૪–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કિશોર એચ. મિસ્ત્રી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કિશોર એચ. મિસ્ત્રીની તા. ૧૭–૯–૧૧ની અરજીથી ગોપીપુરા નાની છીપવાડમાં આવેલ મકાન ૮/૨૧૪૭ના માલીક તેમના મકાનનો ઉપયોગ રહેણાંકને બદલે કારીગરો ધ્વારા મશીન ચલાવી ફેકટરી બનાવેલ છે તેમના કહેવા મુજબ અમારો ધંધો ગૃહઉદ્યોગ છે તેમની પાસે બીજી અન્ય મિલકતો જેમાં ૮/૨૧૩૭ તથા ૮/૨૧૨૪ છે જે અમારી જાણમાં છે જેમાં પણ મશીનો નાંખી ધંધો કરે છે તો હમો આપશ્રી સાહેબ તરફથી નીચે જણાવેલ માહિતી આરટીઆઈ કાયદા અનુસાર આપવા વિનંતી છેઃ– મુદ્દા નં.(૧)તેઓનો ધંધો ગૃહઉદ્યોગ હોય તો ટૂંક સમયમાં કરોડોની મિલકત કેવી રીતે ખરીદી વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૬/૨૦૧૧–૧૨

શ્રી કિશોર એચ. મિસ્ત્રીની તા. ૧૭–૯–૧૧ની અરજીથી ગોપીપુરા નાની છીપવાડમાં આવેલ મકાન ૮/૨૧૪૭ ના માલીક તેમના મકાનનો ઉપયોગ રહેણાંકને બદલે કારીગરો ધ્વારા મશીન ચલાવી ફેકટરી બનાવેલ છે તેમના કહેવા મુજબ અમારો ધંધો ગૃહઉદ્યોગ છે તેમની પાસે બીજી અન્ય મિલકતો જેમાં ૮/૨૧૩૭ તથા ૮/ ૨૧૨૪ છે જે અમારી જાણમાં છે જેમાં પણ મશીનો નાંખી ધંધો કરે છે તો હમો આપશ્રી સાહેબ તરફથી નીચે જણાવેલ માહિતી આરટીઆઈ કાયદા અનુસાર આપવા વિનંતી છેઃ– મુદ્દા નં.(૧) તેઓનો ધંધો ગૃહઉદ્યોગ હોય તો ટૂંક સમયમાં કરોડોની મિલકત કેવી રીતે ખરીદી વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા તથા વધુમાં વિષય વસ્તુ જોતાં લાગત જાહેર સત્તા મંડળને તબદીલી અંગે પણ હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૩૮ તા.૮–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)તથા અરજદારને ફી ભરપાઈની વિગત રજુ કરેલ નથી તે તથા પક્ષકાર જાહેર માહિતી અધિકારી જેમને અરજી ગયેલ હોય તેમની જાણકારી હોય તો વિગત જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ /આ.નં. ૧૫૧૬ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૫૬ તા.૨૪–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૭–૯–૧૧ ની અરજીથી રહેણાંકને બિનરહેણાંક બનાવી મશીન ચલાવવા બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૫૬ તા.૨૪–૧૦–૧૧ મુદ્દા નં.૧ થી૩ ની માહિતી નિયત સમય અવધિ બાદ અરજદારને આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ગોપીપુરા નાની છીપવાડમાં આવેલ મકાન ૮/૨૧૪૭ના માલીક તેમના મકાનનો ઉપયોગ રહેણાંકને બદલે કારીગરો ધ્વારા મશીન ચલાવી ફેકટરી બનાવેલ છે તેમના કહેવા મુજબ અમારો ધંધો ગૃહઉદ્યોગ છે તેમની પાસે બીજી અન્ય મિલકતો જેમાં ૮/૨૧૩૭ તથા ૮/ ૨૧૨૪ છે જે અમારી જાણમાં છે જેમાં પણ મશીનો નાંખી ધંધો કરે છે. તેઓનો ધંધો ગૃહઉદ્યોગ હોય તો ટૂંક સમયમાં કરોડોની મિલકત કેવી રીતે ખરીદી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ અનુસાર માહિતી આપવાની હોય છે સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દ નં.(૨) વોર્ડ નં.૮ નોંધ નં.૨૧૪૭, ૨૧૩૭ તથા ૨૧૨૪ થી નોંધાયેલ મિલકતમાં રહેણાંક મિલકતમાં બિન રહેણાંક બનાવી કારીગરોથી કારખાનું ચલાવવાની પરમીશન કયા

આધારે આપવામાં આવી. કારીગરોની નોંધણી તથા મિલ્કતની આકારણી અને ઉપયોગ કયા પ્રકારના હેતુથી થયો છે (રેસીડન્સ કે ઔદ્યોગિક ) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૮, નોંધ નં.૨૧૪૭, ૨૧૩૭ તથા ૨૧૨૪ થી નોંધાયેલ મિલ્કત આકારણી દફતરે અનુક્રમે ટેના નં.૦૮બી–૧૩–૧૩૫૧–૦–૦૦૧, નં.૦૮બી–૧૩–૧૧૯૧–૦–૦૦૧, નં.૦૮બી–૧૩–૧૦૪૧–૦–૦૦૧, નોંધાયેલ છે જેનો ઉપયોગનો પ્રકાર વસવાટ/ધંધાર્થેના ફેકટર હેઠળ મ્યુ. ટેક્ષ. વસુલ લેવામાં આવે છે. જેના એરીયા બેઈઝ ટેક્ષ કેલ્કયુલેશન રીપોર્ટ પાના નંગ–૪ ના રૂા.૮/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) રહેણાંક મિલ્કતમાં કારીગરોથી મશીન ચલાવવા માટે કમેન્શમેન્ટ સર્ટીફીકેટ આપવામાં આવ્યું છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૮ નોંધ નં.૨૧૪૭ માં સેન્ટ્રલઝોન, શહેર વિકાસ ખાતા ધ્વારા કોમન્સમેન્ટ સર્ટીફીકેટ આપ્યાની વિગત ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૨ માં કારખાનુ ચલાવવાની પરમીશન તેમજ કારીગરોની નોંધણી બાબતે કોઈ વિગત અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. જે પૈકી મુદ્દા નં.૩ ની આપેલ માહિતીમાં કોમેન્સમેન્ટ સર્ટી આપેલ નહીં હોવાનું ધ્યાને લેતાં કારખાનું ચલાવવાની પરમીશનની માહિતીનો મુદ્દો તેમાં સમાવિષ્ટ થઈ જાય છે. પરંતુ કારીગરોની નોંધણી વિશે કોઈ માહિતી અપાયેલ જણાતી નથી. જો તે માહિતી તાબા હેઠળ સ્પર્શતી ન હોય તો અન્ય જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવાની રહે જે તબદીલ થયેલ જણાતી નથી અન્યથા આવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ હેઠળ આવતી હોય તો તેમ જણાવવાનું રહે. જે જાહેર માહિતી અધિકારી તરફથી તેમ થયેલ નથી. આમ અરજદારને સદર વિગતે દફતરી હકીકતની માહિતી પૂરી પાડવાની રહે. જયારે મુદ્દા નં.૧ અત્રેના સત્તા મંડળને સ્પર્શતું ન હોય તો તબદીલ થવું જોઈતું હતું જે થયેલ જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ પૈકીની કારીગરોની નોંધણી અંગે ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતે નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરું પાડવા તથા મુદ્દા નં.૧ અંગે જો જાહેર માહિતી અધિકારીના સત્તા મંડળ કે કાર્યક્ષેત્રને સ્પર્શતું ન હોય તો લાગત જાહેર માહિતી અધિકારી કે સત્તા મંડળને દિન–૫ ની અવધિમાં તબદીલ કરી તેની જાણ અત્રે કરવા ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી કિશોર એચ. મિસ્ત્રી,